મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા દરમ્યાન નિયુકત નિરીક્ષક(Supervisor)ને 'હાઉસ ટુ હાઉસ' મુલાકાત માટે ચૂકવવાના મહેનતાણાના દરો નિયત કરવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-ઇએલઆર/૧૨૧૬/૫૨૧/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ. ૦૯/૦૮/૨૦૧૮

**વંચાણે લીધા :-**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ. ૨૨/૫/૨૦૦૯નો ઠરાવ ક્રમાંકઃ ઇએલઆર/૧૨૦૭/૧૦૮(૨)/છ.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ.૨૫/૫/૨૦૧૦નો ઠરાવ ક્રમાંકઃઇએલઆર/૧૨૦૭/૧૦૮(૨)/છ.
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ.૭/૪/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃઇએલઆર/૧૨૦૭/૧૦૮(૨)/છ.
(૪) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તારીખ.૮/૭/૨૦૧૫નો પત્રાંકઃ૨૩/આઇએનએસટી/ ૨૦૧૫-ઇઆરએસ.
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ.૫/૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃઇએલઆર/૧૨૧૬/૫૨૧/છ.
(૬) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તારીખ.૪/૫/૨૦૧૮નો પત્રાંકઃ૨૩/બીએલઓ/ ૨૦૧૮-ઇઆરએસ.

**ઠરાવ :-**

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીની સૂચના અનુસાર મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ હેઠળ નિયત તારીખની સ્થિતિએ સઘન અગર સંક્ષિપ્ત મતદાર યાદીની સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેના માટે મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ, નિરીક્ષકો અને મતદાન મથક અધિકારીઓ(Booth Level Officer) ની નિમણૂંક કરવામાં આવે છે.

૨. મતદાર યાદીની સુધારણા કામગીરી માટે નિયુકત મતદાન મથક અધિકારી(BLO) અને મતદાન મથક અધિકારીની કામગીરીનું સુપરવિઝન કરવા માટે નિમાતા નિરીક્ષક(Supervisor)ને ચૂકવવાના વાર્ષિક મહેનતાણાના દરો તથા મતદાન મથક અધિકારીઓને મતદાર યાદીના સુધારણા કાર્યક્રમ દરમ્યાન 'હાઉસ ટુ હાઉસ' મુલાકાત માટે ચૂકવવાના ઉચ્ચક મહેનતાણાના દરો છેલ્લે વંચાણે લીધેલા ક્રમ નંબર-(૫) માં દર્શાવેલ તારીખ.૫/૫/૨૦૧૬ના ઠરાવથી નક્કી કરવામાં આવેલા છે. મતદાર યાદી તૈયાર કરવા/સુધારણા કામગીરી સબંધે નિરીક્ષક(Supervisor)ની નિમણૂક, તેમની ફરજો અને જવાબદારીઓ, તેમની કામગીરીનું સુપરવિઝન તથા મોનીટરીંગ, તેમની કામગીરીની ચકાસણી, તાલીમ તથા તેમને ચૂકવવાપાત્ર મહેનતાણું વગેરે બાબતો અંગે ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા વંચાણે લીધેલા ક્રમ-(૬) ના તારીખ.૪/૫/૨૦૧૮ના પત્રથી સૂચના આપવામાં આવેલી છે. સાથોસાથ, ભારતના ચૂંટણી પંચે ઉકત તા.૪/૫/૨૦૧૮નાં પત્રથી મતદાર યાદીની સુધારણા કામગીરી માટે નિયુકત મતદાન મથક અધિકારીઓની કામગીરીના સુપરવિઝન માટે નિમાતા નિરીક્ષકોને પણ મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા દરમ્યાન 'હાઉસ ટુ હાઉસ' મુલાકાત માટે મતદાન મથક અધિકારીઓની જેમ નિયત દરે મહેનતાણું(ઉચ્ચક ભથ્થું) ચુકવવા તેમજ જો નિરીક્ષક તાલીમના ભાગ રૂપે તેમના મતદાન મથકોના વિસ્તારની બહારના વિસ્તારની મુસાફરી કરે તો તેઓને પ્રવાસ ભથ્થું/દૈનિક ભથ્થાની ચૂકવણી કરવા સૂચના આપી છે.

૩. ઉપર્યુકત વિગતે મતદારયાદી અદ્યતન, ક્ષતિરહિત અને વિશ્વસનીય બને તે માટે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા માટે નિયુકત મતદાન મથક અધિકારીઓ(BLO)ની કામગીરીના સુપરવિઝન માટે નિમાતા નિરીક્ષક(Supervisor)ને 'હાઉસ ટુ હાઉસ વીઝીટ' માટે કરવાની થતી કામગીરીના સંદર્ભમાં મહેનતાણું ચૂકવવાના દરો નિયત કરવાની તથા તાલીમના

P.T.O.

Scanned by CamScanner

ભાગ રૂપે જો નિરીક્ષક તેમના મતદાન મથકના વિસ્તારની બહારના વિસ્તારની મુસાફરી કરે તો તેઓને પ્રવાસ ભથ્થું/દૈનિક ભથ્થાની ચૂકવણી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે, આથી, નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૩.૧ નિરીક્ષકોને તેમની કામગીરીના અનુસંધાને આ વિભાગના તા.૫/૫/૨૦૧૬ના સમાનાંકી ઠરાવથી નિયત કરવામાં આવેલ વાર્ષિક રૂ.૧૨,૦૦૦/-ના મહેનતાણા ઉપરાંત મતદાર યાદીના સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન 'હાઉસ ટુ હાઉસ' મુલાકાત માટે રૂ.૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)ના દરે ઉચ્ચક ભથ્થું ચૂકવવાનું રહેશે.

૩.૨ આ સિવાય ચૂંટણી પંચની સુચનાનુસાર, નિરીક્ષકોને જયારે તાલીમના હેતુસર તેમના મતદાન મથકોના વિસ્તારની બહાર બોલાવવામાં આવે ત્યારે માત્ર તે હેતુસર તેમણે કરેલ મુસાફરીના ખર્ચને પહોંચી વળવા માટે તેમને મળવાપાત્ર દરોએ પ્રવાસ ભથ્થુ અને દૈનિક ભથ્થુ પણ જિલ્લા ચૂંટણી અધિકારીએ ચુકવવાનું રહેશે.

૩૩ ઉપર્યુકત વિગતે નકકી કરવામાં આવેલ દર તા.૦૧/૦૯/૨૦૧૮થી અમલમાં આવશે. ઉપર મુજબનાં ભથ્થાની ચૂકવણી અંગે સંદર્ભ ક્રમાંક-(૫) માં દર્શાવેલ તા. ૫/૫/૨૦૧૬નાં ઠરાવનાં ફકરા નં. (૩.૧) થી (૩.૬) માં દર્શાવેલ શરતો યથાવત રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૩૧-ચૂંટણી, મુખ્ય સદર: ૨૦૧૫-ચૂંટણીઓ, ૧૦૩(૩) મતદાર યાદીઓની સંક્ષિપ્ત સુધારણા સદર હેઠળ ઉધારવાનો રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૩/૦૮/૨૦૧૮ના રોજ મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(નીતિન આચાર્ય)**
નાયબ સચિવ
મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ/જિલ્લા વિકાસ અધિકારીઓ.
- સર્વે મતદાર નોંધણી અધિકારીઓ/સર્વે મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- સચિવાલયના તમામ વિભાગો.
- તમામ ખાતાના વડાઓ.
- તમામ જિલ્લા તિજોરી કચેરીઓ.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
- નાણા વિભાગ, ચ-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ.
- સિલેકટ ફાઇલ.

નં. ચટણી/મતદા/વશી/૬૨૩/૨૦૧૮
કલેકટર કચેરી (ચૂંટણી શાખા)
અમરેલી તા ૯/૮/૨૦૧૮

Election, Urgent

પ્રતિ
ERO-AEROશ્રી —— (તમામ)
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

Deputy District Election Officer
Amreli.

Scanned by CamScanner